# પ્રેસ નોટ

ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ ઇલેક્ટ્રીસીટી (રાઇટ્સ ઓફ કન્ઝ્યુમર્સ) રૂલ્સ, ૨૦૨૦ પ્રકાશિત કરવામાં આવેલ, તેમજ, રાજય વિદ્યુત નિયંત્રક આયોગને પોતાના સંલગ્ન વિનિયમોમાં સદર ભારત સરકારના રૂલ્સ મુજબ સુધારા વધારા કરવા માટેની સૂચના મળેલ જેના અનુસંધાને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા લાગુ પડતાં વિનિયમોમાં સુધારો કરવા માટે નીચે મુજબના મુસદ્દાઓ અને દરેકની વિસ્તૃત સમજૂતી આપતા પત્રકોને આયોગની વેબ-સાઇટ પર હિત ધરાવનારાઓ પાસેથી વાંધા/સૂચનો મંગાવવા માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ,

૧. જીઇઆરસી (ઇલેક્ટ્રીસીટી સપ્લાય કોડ એન્ડ (રિલેટેડ મેટર્સ) (થર્ડ એમેડમેન્ટ) રેગ્યુલેશન,૨૦૨૨, નો મુસદ્દો; અને તેનું સમજૂતી પત્રક

૨. જીઇઆરસી (સ્ટાન્ડર્ડ ઓફ પરફોર્મન્સ ઓફ ડીસ્ટ્રીબ્યુશન લાઇસન્સી) રેગ્યુલેશન,૨૦૨૨, નો મુસદ્દો; અને તેનું સમજૂતી પત્રક

૩. જીઇઆરસી (કન્ઝ્યુમર્સ ગ્રીવન્સીસ રીડ્રેસલ ફોરમ એન્ડ ઓમબુડસમેન) (ફર્સ્ટ એમેડમેન્ટ) રેગ્યુલેશન,૨૦૨૨, નો મુસદ્દો; અને તેનું સમજૂતી પત્રક

૪. જીઇઆરસી (સીક્યોરીટી ડીપોઝિટ) (થર્ડ એમેડમેન્ટ) રેગ્યુલેશન,૨૦૨૨, નો મુસદ્દો; અને તેનું સમજૂતી પત્રક

૫. જીઇઆરસી (લાઇસન્સીસ પાવર ટૂ રિકવર એક્સપેન્ડીચર ઇન પ્રોવાઇડિંગ સપ્લાય એન્ડ સદર મિસેલીનીયન્સ ચાર્જીસ) (થર્ડ એમેડમેન્ટ) રેગ્યુલેશન,૨૦૨૨, નો મુસદ્દો; અને તેનું સમજૂતી પત્રક

આયોગે, હિત ધરાવનારાઓ પાસેથી મળેલ વાંધા/સૂચનોને ધ્યાને લઇને ઉપર મુજબના મુસદ્દાઓ આખરી વિનિયમો નોટીફાઈ કરી આયોગની વેબ-સાઇટ પર પ્રસિદ્ધ કરેલ છે. જે મફતમાં ડાઉનલોડ કરી શકાય છે. આ વિનિયમો રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી લાગુ પડશે.

આ વિનિયયમોથી વીજ ગ્રાહકોને વીજ પુરવઠો મળવાની પ્રક્રીયાની સરળતામાં વધારો થશે, પરવાનેદારો પોતાની કામગીરી પ્રત્યે વધુ જવાબદાર બનશે અને ગ્રાહકોની ફરિયાદ નિવારણની પ્રક્રીયાની સરળતામાં વધારો થશે.

**સહિ/-**

(રણજીથ કુમાર જે., આઈ.એ.એસ.)

સચીવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

ગાંધીનગર

તા. ૧૬/૧૨/૨૦૨૩